બાલ જૈનશાળાઓ માટે તૈયાર કરેલી.

શ્રી જૈનપાઠમાળા

જૈન ધર્મ પ્રવેશ પોથી

ભાગ ૧ લો.

પ્રસિદ્ધ કર્તા,

મેઘજી હીરજી કું.

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ.

ઠે. પાયધુની—મુંબઈ.

આવૃત્તિ બીજી. નકલ ૧૦૦૦.

વીર સંવત્ ૨૪૫૧ વિ. સં. ૧૯૮૧.

ઇસ્વી સન ૧૯૨૫.

મૂલ્ય ૦—૧—૦.

અમદાવાદ—ધર્મ વિજય પ્રિન્ટીંગ પ્રેસમાં

ભોગીલાલ હીરાભાઈએ છાપી.

પ્રસ્તાવના.

જૈન કથા સાહિત્યમાં અનેક કથાઓ છે, તે સર્વ ઉત્તમ પ્રકારની [illegible] સહેલાઇથી કરાવી શકાય છે. એ જ રીતે શ્રી [illegible] જૈન ધર્મના [illegible] ઉત્તમ પ્રકારના [illegible] છે. તેવા [illegible] જૈન ધર્મની પ્રભાવના [illegible] તો [illegible] પણ [illegible] આવી ઉત્તમ ધારણાથી આ લઘુ પુસ્તકની યોજના કરવામાં આવી છે.

આ પુસ્તક તૈયાર થયા બાદ શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ તરફથી પ્રસિદ્ધવક્તા, જૈન સાક્ષર, મુનિશ્રી ચારિત્ર વિજયજીએ તેનું અવલોકન કરી યોગ્ય સૂચના આપવા વિનંતિ કરી હતી, તેથી તેઓશ્રીએ અવલોકન કરવા કૃપા કરી છે.

આ પહેલી ચોપડીમાં પદાર્થનું જ્ઞાન થવા માટે જૈન વર્ગમાં વપરાતાં પદાર્થોનાં નામ ઉપર પાઠ આપેલા છે. જેથી પદાર્થોની સમજ સહેલાઇથી પડે તેમ છે.

આ પુસ્તક ખાસ કરીને દરેક જૈનશાળાઓમાં ચલાવવા યોગ્ય થઇ પડે, અને જૈનસીરીઝની સ્કૂલોમાં ખોટ પૂરી પડે તેટલા માટે યથાશક્તિ સંપૂર્ણ બનાવવા યત્ન કરેલ છે. આ વાચનમાળા સુરતની જૈન બોર્ડીંગમાં પણ ચલાવવામાં આવે છે. શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ તરફથી આ પુસ્તકની* આઠમી આવૃત્તિ છપાવવા અમોને સહાનુભૂતિ મળી છે તે બદલ તેઓશ્રીનો ઉપકાર માનવામાં આવે છે.

વૈશાખ શુક્લ એકાદશી
મંગળવાર.


પ્રકાશક.

---

* જણાવવાને આનંદ થાય છે કે ટુંક વખતમાં આ પુસ્તકની આઠમી આવૃત્તિ પ્રકટ કરવાનો પ્રસંગ મળ્યો છે તેજ સૂચવે છે કે જૈનોમાં આ જૈનસીરીઝનું [illegible] પુસ્તક કેટલું પ્રિય થઇ પડ્યું છે.

શ્રીયુત શેઠ ચંદનમલજી નાગોરી

મુ. છોટીસાદડી મેવાડ.



આપ કેળવણીના આરાધક અને વિદ્યાના પૂજક છો તેના પ્રચાર અને વૃદ્ધિ માટે અહોરાત્ર પ્રયત્ન કરો છો, કોમની ધાર્મિક ઉન્નતિ માટે ધાર્મિક કેળવણી એ મહત્વની વાત છે એમ આપ વિશ્વાસપૂર્વક માનો છો, કોમમાં વિદ્યાવૃદ્ધિના ખાતા સ્થાપવામાં તન, મન અને ધનથી મદદ કરો છો, એવા આપના ઉચ્ચ ગુણોનું સ્મરણ કરી આ પુસ્તક આપને પ્રેમપૂર્વક અર્પણ કરીએ છીએ

પ્રકાશક

Krishna P. Press, Bombay 2

શ્રી જૈન ધર્મ પ્રવેશ પોથી.

ભાગ ૧ લો.

પાઠ ૧ લો.

દેરૂં.

બાપા ! આ શું છે ?

તે દેરૂ છે.

દેરામાં શું હોય ?

અરહિંત ભગવાન્ એમા હોય

અરહિંત ભગવાનને શું કરાય ?

અરહિંત ભગવાનના દર્શન કરાય

ભગવાન્ના દર્શન કરવાથી શું થાય ?

આપણું ભલું થાય

તેમના દર્શન કયારે થાય ?

તેમના દર્શન સવારે અને સાંજે થાય છે

બાપા ! ત્યારે આપણે ત્યા દર્શન કરવા જઇશું ?

હા, ભાઈ ચાલ જઇએ

પાઠ ૨ જો.

પ્રતિમા.

મોટાભાઇ ! જુવો, આ કેવી સુંદર પ્રતિમા છે ?

હા, ભાઈ ! તે બહુ સુંદર છે

મોટાભાઇ ! આ પ્રતિમા કોની છે ?

ભાઈ ! તે મહાવીર ભગવાન્‌ની પ્રતિમા છે

મોટાભાઇ ! તે તમે શી રીતે જાણ્યું ?

ભાઇ ! તેમની નીચે સિંહનું લાંછન છે તેથી

મોટાભાઈ ! આ પ્રતિમાને શું કરાય ?

ભાઇ ! એની પૂજા થાય, અને તેમના દર્શન થાય.

મોટાભાઇ ! આપણે તેમની પૂજા કરીશું ?

હા, ભાઇ ! ચાલો પૂજા કરીએ. પ્રભુની પૂજા કરવાથી આપણું ભલું થાય છે

પાઠ ૩ જો.

આરતિ.

બા ! આ શું વાગે છે ?

તે ઝાલર વાગે છે

બા ! તે કયાં વાગે છે ?

તે દેરાસરમાં વાગે છે

બા ! અત્યારે શામાટે વાગે છે ?

અત્યારે ભગવાન્‌ની આરતિ ઉતરે છે

બા ! આરતિ કેવી રીતે ઉતરતી હશે ?

પાચ સાત દીવાઓ પ્રગટાવી ભગવાન્‌ની સામે ઉભા રહી ફેરવે, તે આરતિ કહેવાય છે

બા ! ચાલો, ત્યારે આપણે પણ ભગવાન્‌ની આરતિ ઉતારીએ, જેથી આપણા સારા પરિણામ થાય.

પાઠ ૪ થો.

દીવો.

પ્રેમજી—છોકરાઓ ! આજે હું એક સારી વાત લાવ્યો છું, તે તમે સાભળશો ?

છોકરાઓ—હા, અમે ખુશીથી સાભળીશુ સારી વાત કોણ ન સાભળે ?

પ્રેમજી—ભગવાન્‌ની ભક્તિ કરવાનો એક સહેલો ઉપાય છે

છોકરાઓ—તે કયો ઉપાય ?

પ્રેમજી—ભગવાન્‌ની આગળ મંગળ દીવો ઉતારવો.

છોકરાઓ—એ દીવાથી શો લાભ થાય ?

પ્રેમજી—ભગવાન્‌ના મદિરમા મગળ દીવો કરવાથી આપણા પાપ ચાલ્યા જાય છે, અને આપણા પરિણામ સારા થાય છે

છોકરાઓ—આ વાત તને કોણે કહી ?

પ્રેમજી—એ વાત મને ગુરૂજીએ કહી છે

છોકરાઓ—પ્રેમજી ! અમે તારો ઉપકાર માનીએ છીએ.

પાઠ ૫ મો.

કળશ.

જુવો, ભાઇ ! આ મજેનો કળશ દેખાય છે તે કળશ પૂજાનો છે. આપણા લોકો તેને નવણ કરવાનો કળશ કહે છે. આ કળશ અરિહંત ભગવાન્‌ની પૂજામા વપરાય છે તે કળશના પાણીથી જિન પ્રતિમાનું પખાળ થાય છે અરિહંત ભગવાન્‌ની પૂજામા જળપૂજા પણ ગણેલી છે. જેના સારા ભાગ્ય હોય, તે માણસ ભગવાન્‌ની પૂજા કરે છે, જળપૂજા કરવાથી માણસને ઘણો લાભ થાય છે, માટે આપણે હમેશા જિન ભગવાન્‌ની જળપૂજા કરવી જોઇએ

પાઠ ૬ ઠો.

ચામર.

પ્રેમજી—લલ્લુ ! કાલે સાંજે તુ કયા ગયો હતો ?

લલ્લુ—હુ દેરે ગયો હતો

પ્રેમજી—કાલે ત્યા શુ હતુ ?

લલ્લુ—પ્રભુજીની આગી હતી

પ્રેમજી—આંગીની શોભા કેવી હતી ?

લલ્લુ—ઘણી મજેની હતી

પ્રેમજી—ત્યારે તું મને તેડવા કેમ આવ્યો નહિ ?

લલ્લુ—તેમા તેડવા આવવુ હોય ? તારે તારી મેળે આવવુ જોઇએ

પ્રેમજી—કોઈ સાથે હોય તો અવાય, એકલા જતા કેમ ગમે ?

લલ્લુ—દેરે દર્શને જવુ હોય, તેમા સાથની શી જરૂર ? તે તો પોતાની મેળેજ જવુ જોઇએ.

પ્રેમજી—એ તારૂ કહેવુ ખરૂ છે, હવેથી મારી મેળે દેરે જઇશ લલ્લુ ' કહે તો ખરો આગીની શોભા કેવી હતી ?

લલ્લુ—આગીની શોભા ઘણીજ સારી હતી ભગવાનની પ્રતિમા જોતા ઘણોજ આનદ ઉપજતો હતો

પ્રેમજી—બીજુ શુ જોવાનુ હતુ ?

લલ્લુ—તેમા ચામરની શોભા પણ જોવા જેવી હતી

પ્રેમજી—પ્રભુની આગળ ચામર ઢોળવાથી શુ થાય ?

લલ્લુ—ચામર ઢોળવાથી પ્રભુની ભક્તિ થાય છે

પ્રેમજી—હવેથી હુ મારી મેળે દેરે જઇશ, અને પ્રભુને ચામર ઢોળીશ

પાઠ ૭ મો.

છત્ર.

બાપા ! આ ભગવાનના માથા ઉપર શું છે ?

તે છત્ર છે

બાપા ! છત્ર તો રાજાને માથે હોય આ અરિહંત ભગવાન શું રાજા છે ?

હા, ભાઈ ! એ પ્રભુ મોટા રાજાના પણ રાજા અને દેવના પણ દેવ છે

બાપા ! મોટા રાજાના પણ રાજા છે, અને દેવના પણ દેવ શી રીતે ?

મોટા રાજાઓ અને બધા દેવો પણ તેમને નમે છે ને પૂજે છે

બાપા ! ત્યારે પ્રભુનું એવું કોઈ નામ છે ?

હા, બેટા ! પ્રભુ ત્રણ લોકના રાજા છે અને દેવના દેવ છે તેથી ત્રિભુવનપતિ અને દેવાધિદેવ કહેવાય છે

બાપા ! હવે હું સમજ્યો, ત્યારે તો તેમને માથે છત્ર હોવું જોઇએ ચાલો આપણે તેમને નમન કરીએ

પાઠ ૮ મો.

ઉપાશ્રય

કાનજી ! તું ક્યાંથી આવે છે ?

કાકા ! હું ઉપાશ્રયથી આવું છું

ત્યા કેમ ગયો હતો ?

ગુરૂજીને વાદવા ગયો હતો.

ગુરૂજીએ તને શુ કહ્યું ?

ગુરૂજીએ મને શિખામણ આપી.

શી શિખામણ આપી ?

કાકા ! સાભળો

કોઈ જીવને દુ ખ આપવુ નહીં, માબાપની સેવા કરવી, ખોટું બોલવુ નહીં, અને આપણો ધર્મ બરાબર પાળવો.

વાહ વાહ ! ગુરૂજીએ તને ઘણી સારી શિખામણ આપી છે

પાઠ ૯ મો.

ઠવણી.

સોમચંદ—જો આ આપણા ગુરૂજી શુ કરે છે ?

હેમચંદ—તે અરિહતનુ ધ્યાન કરે છે.

સોમચંદ—તેમની સામે આ શુ છે ?

હેમચંદ—તે ઠવણી છે

સોમચંદ—ઠવણી ઉપર શુ હશે ?

હેમચંદ—તે ઉપર સ્થાપનાચાર્ય છે

સોમચંદ—સ્થાપનાચાર્ય શુ કહેવાય ?

હેમચંદ—તે આચાર્યની સ્થાપના કહેવાય

સોમચંદ—તંને ગુરૂજી કેમ રાખતા હશે '

હેમચંદ—દરેક કામ તેમની આજ્ઞામગ કરવા માટે.

પાઠ ૧૦ મો.

દાંડો.

રામજી—ગુરૂ મહારાજ ? આ આપના હાથમા શુ છે ?

ગુરૂ—આ દાંડો છે

રામજી—દાંડાના ઉપયોગ શું થાય ?

ગુરૂ—રસ્તામા જો નદી આવે તો, તેનાથી પાણી મપાય, તથા બીજા પણ કેટલાક ઉપયોગમા આવે છે

રામજી—સાધુથી નદી ઓળગાય ?

ગુરૂ—હા, તેવી પ્રભુની આજ્ઞા છે માટે ઓળંગાય છે.

રામજી—કોઈ સાધુ દાંડો ન રાખે તો ચાલે ?

ગુરૂ—ના દરેક સાધુએ દાંડો રાખવો જોઇએ એવો આચાર છે

રામજી—જો ન રાખે તો શી હરકત ?

ગુરૂ—દાંડો ન રાખે તો દોષ લાગે

રામજી—તેનું કારણ શું ?

ગુરૂ—એવી સાધુની મરજાદા છે

રામજી—ઠીક ગુરૂજી ' હવે હું સમજ્યો.

પાઠ ૧૧ મો.

રજોહરણ.

બાપા ! આ કોણ આવે છે ?

તે સાધુજી આવે છે

બાપા ! સાધુજી આપણા શું થાય ?

તે આપણા ગુરૂજી થાય

બાપા ! તેમની બગલમા શુ છે ?

તે રજોહરણ છે

બાપા ! તેઓ રજોહરણ શામાટે રાખતા હશે ?

જીવદયા પાળવાને માટે તથા રજ દૂર કરવા માટે.

બાપા ! રજોહરણથી કેવી રીતે જીવદયા પળાય ?

રજોહરણનો ગુચ્છ પોચો ને સુવાળો હોય છે, અને તેના વડે રજ ખસેડતા નાના મોટા જીવને ઇજા થતી નથી

પાઠ ૧૨ મો.

નોકારવાળી.

મોહન—માધવ ! તારા બાપા કયા છે ?

માધવ—મારા બાપા માળ ઉપર છે

મોહન—માળ ઉપર શું કરે છે ?

માધવ—નોકારવાળી ફેરવે છે

મોહન—નોકારવાળી કેવી હોય ? તે મને બતાવીશ ?

માધવ--હા, માળ ઉપર ચાલ તને બતાવું.

મોહન--ચાલો ભાઈ ઉપર જઇએ

માધવ--મોહન ' જો આ નોકારવાળી મારા બાપા ફેરવે છે

મોહન--માધવ ' આ એમા ગોળ દાણા જેવા શું હશે?

માધવ--તે તેના મણુકા છે

મોહન--એમા કેટલા મણુકા હોય છે ?

માધવ--એકસો ને આઠ મણુકા હોય છે

મોહન--એ કેવી રીતે ફેરવાય ?

માધવ- એકએક નવકાર ગણતા એકએક મણુકો ખસેવાય

મોહન--નોકારવાળી ફેરવવાથી શો લાભ થાય ?

માધવ--એમ નવકાર ગણવાથી પાપ ધોવાય છે ને જીવને સુખ ઉપજે છે

મોહન--તારા બાપા દરરોજ નોકારવાળી ફેરવે છે?

માધવ - હા, દરરોજ સવારમા ઉઠીને તરત નોકારવાળી ફેરવે છે ને રાતે સુતી વેળા પણ ફેરવે છે

મોહન—માધવ ' ત્યારે આપણે નોકારવાળી ફેરવીએ તો કેવુ સારૂ ?

માધવ--બહુ સારૂ

મોહન--ત્યારે કાલેથી દરરોજ આપણે સવારે ને રાતે થોડી થોડી વાર નોકારવાળી ફેરવશુ

પાઠ ૧૩ મો.

સાપડો.

નથુભાઇ—આ તારા હાથમા શું છે ?

ભગુભાઇ—એ સાપડો છે

નથુભાઈ—તે શા કામમા આવે છે ?

ભગુભાઇ—તે ઉપર પુસ્તક રાખવામા આવે છે.

નથુભાઈ—તે ઉપર પુસ્તક રાખવાથી શો લાભ થાય ?

ભગુભાઈ—જ્ઞાનની આશાતના ન થાય એ.

નથુભાઇ—આશાતના એટલે શું ?

ભગુભાઈ—પુસ્તકને જયા ત્યા રખડતું મુકવુ, તેને ચોળી નાખવુ, ડાઘા પાડવા, અને બગાડવુ, તે પુસ્તકની આશાતના[1] કહેવાય છે

નથુભાઈ—હવે હુ હમેશા પુસ્તકને સાપડા ઉપર રાખીશ, અને તેની આશાતના કરીશ નહી

પાઠ ૧૪ મો.

દર્શન.

મહેતાજી - છોકરાઓ ' તમારામાથી જેઓ દેરે દર્શન કરવા જતા હોય, તેઓ ઉભા થાઓ

મહેતાજી—કેમ મથુર અને માવજી તમે બેસી રહ્યા ?

૧ અપમાન

મથુર—મેહેતાજી સાહેબ ' હું દેરે દર્શન કરવા જતો નથી, તેથી બેસી રહ્યો.

મહેતાજી—મથુર ' કેમ દર્શન કરવા જતો નથી ?

મથુર—મને વખત મળતો નથી

મહેતાજી—માવજી ' તું કેમ દર્શન કરવા જતો નથી ?

માવજી—સાહેબ ' હુ હમેશાં મોડો ઉઠુ છુ, તેથી દર્શન કરવા જઇ શકતો નથી.

મહેતાજી—મથુર ' ખાવાનો, પીવાનો, ભણવાનો અને રમવાનો વખત મળે છે ?

મથુર—હા

મહેતાજી દેરે જવાનો વખત મળે નહી, તેનું શુ કારણ ?

મથુર—સાહેબ ' એ મારી ભુલ છે હવેથી હુ દર્શન કરવાનો વખત જરૂર મેળવીશ

મહેતાજી—માવજી ' તુ મોડો ઉઠે છે કે ?

માવજી—હા સાહેબ ' મને ઉઘ બહુ આવે છે

મહેતાજી—એ ત્હારી ટેવ છોડી દે. અને દેરે દર્શન કરવાની ટેવ પાડ

માવજી—સાહેબ ' હવેથી હુ હમેશા સવારે વેહેલો ઉઠીશ, અને દેરે દર્શન કરવા જઇશ

મહેતાજી—છોકરાઓ ' યાદ રાખજો, કે શ્રાવકના દરેક છોકરાએ હમેશા દેરે દર્શન કરવા જવુ જોઇએ જે દર્શન કરવા

જાય, તે સારો છોકરો કહેવાય છે અને જે ઉંઘ કે આળસથી દર્શન કરવા ન જાય, તે નઠારો છોકરો કહેવાય છે

પાઠ ૧૫ મો.

જિન દર્શન વિષે કવિતા.

દોહરો

પ્રેમે સો આ બાળકો, જિન મહિમા જાય,
દર્શન કરવા દેવનું, હેતથી હરખાય ૧
ભાવ ધરી જિનરાજની, પ્રતિમા જોવા પ્રીત,
એ તો શ્રાવક બાળની, ધર્મ તણી છે રીત ૨
તે માટે સાથે મળી, જાવુ દર્શન કાજ.
નમી કહેવુ મુખ થકી, જય પામો જિનરાજ ૩

પાઠ ૧૬ મો.

ઘંટ.

સુંદર બેન ! મારી સાથે દેરે દર્શન કરવા આવવુ છે ?

હા બા ! હુ ઘણી ખુશીથી આવીશ

ઠીક બેન ! ચાલો.

મોટી બા ! દેરામા પેસતા પહેલું શુ કરવુ ?

બેન ! પ્રભુના દર્શન કરતા પહેલા ઘંટ વગાડવો જોઇએ

ખરૂ બા ! આપણે એમજ કરશુ. ઓહો ! એનો અવાજ તો ઘણો મોટો છે ને શુ ?

બેન ! એ શેનો થતો હશે ? મને તો એમ જણાય છે કે એ પીતળનો થતો હશે

ના, બેન ! એ તો કાસા જેવી ધાતુનો થાય છે. બધા દેરામા એ હોય કે ?

હા, બેન

ઓહો ! આ તો બહુ મોટો ઘટ છે ને શુ ?

તથીજ એને સાકળે ટાગવો પડયો છે

આરતિ વખતે તો એને ઝાઝી વાર વગાડે છે.

પાઠ ૧૭ મો.

પૂજા.

બાપા ! કયા જાઓ છો ?

ભાઈ, હુ પૂજા કરવા જાઉ છુ

બાપા ! મને સાથે લઈ જશો ?

હા, ચાલ ભાઈ

બાપા ! મને પૂજા કરતા આવડતી નથી

એ હુ તને શીખવીશ

બાપા ! બધા છોકરા પૂજા કરતા હશે ?

હા, શ્રાવકના છોકરાએ હમેશા પૂજા કરવી જોઇએ

બાપા ! ત્યારે મારા મામાનો જગુ છે, તે તો પૂજા કરતો નથી તેનું કેમ ?

તે સારો છોકરો નથી જે સારો છોકરો હોય, તે તો પૂજા કર્યા વિના રહે નહિ.

બાપા ! પૂજા કરવાથી શો લાભ થાય ?

જિન ભગવાન્‌ની પૂજા કરવી, તે ભગવાન્‌ની ભક્તિ કરી કહેવાય, અને ભગવાન્‌ની ભક્તિ કરવાથી આપણી ચોખ્ખી બુદ્ધિ થાય છે, અને આપણામા સારા ગુણ આવે છે.

પાઠ ૧૮ મો.

પૂજા વિષે કવિતા.

ચોપાઈ.

જુવો સૌ આ બિંબ અનૂપ,
મનહર મુરતિ મંગળ રૂપ,
પ્રેમ ધરી સૌ પૂજો આપ,
જાશે સઘળા ભવના પાપ. ૧
લેજો જિનનુ નિરમળ નામ,
થાશે સઘળા પૂરણ કામ
એ છે દેવતણા પણ દેવ,
કરજો તેની નિત્યે સેવ ૨

પાઠ ૧૯ મો.

સામાયિક.

ગોવિંદજી—જમનાદાસ ! તું હમેશા સવારે ક્યા જાય છે ?

જમનાદાસ—હું ઉપાશ્રયે જાઉં છું.

ગોવિંદજી—ત્યા શુ કરે છે ?

જમનાદાસ—હું સામાયિક કરૂં છું.

ગોવિંદજી—સામાયિક એટલે શું ?

જમનાદાસ અરે ' એમા શુ પુછે છે ? શ્રાવક થઇને સામાયિક એવું નામ પણ જાણતો નથી ?

ગોવિંદજી—ના ભાઈ ! મે તો એ નામ આજેજ કાને સાભળ્યુ.

જમનાદાસ- એવુ બીજુ નામ કાંઈ જાણે છે ?

ગોવિંદજી—હા આપણા લોકો કાંઈ સમાગ સમાગ એવુ કહે છે, એટલુ જાણુ છુ

જમનાદાસ—એ સમાગનુ નામજ સામાયિક છે

ગોવિંદજી—તે શા માટે કરવી જોઇએ ?

જમનાદાસ - સામાયિક કરવાથી તેટલો વખત આપણુ મન સ્થિર રહે છે, અને આપણા સારા પરિણામ થાય છે અને મતિ સુધરે છે

ગોવિંદજી—એક સામાયિકમા કેટલો વખત લાગે ?

જમનાદાસ—બે ઘડી વખત લાગે છે

ગોવિંદજી—એ વખતે કેવી ધારણા રાખવી ?

જમનાદાસ—કોઇના ઉપર રાગ, અને રીસ ન આવે તેવી સારી ધારણા રાખવી જોઇએ

ગોવિંદજી—હવેથી હુ પણ હમેશા એવી ધારણાથી સામાયિક કરીશ

પાઠ ૨૦ મો.

પડિક્કમણુ.

કાકી ! તમે કયા ગયા હતા ?

ભાઈ ! પડિક્કમણું કરવા ગઇ હતી

પડિક્કમણુ એટલે શું ? અને તે કયા થાય ?

ભાઇ ! આપણાથી દિવસમા અને રાત્રીમા જે કાઇ પાપ થયા હોય, તેને પરતાવો કરી, તે પાપમાથી પાછા ફરવું, તે પડિક્કમણુ કહેવાય છે, અને તે ઉપાશ્રયે અથવા ઘેર થાય છે.

કાકી ! તે કયે વખત થાય છે ?

ભાઈ ! સવારે, અને સાઝે થાય છે

કાકી ! સવારના પડિક્કમણાને શુ કહે છે ?

ભાઇ ! તેને રાઇય પડિક્કમણુ કહે છે

કાકી ! સાજના પડિક્કમણાને શું કહે છે ?

ભાઈ ! સાજના પડિક્કમણાને દેવસીય પડિક્કમણુ કહેછે

કાકી ! મને પડિક્કમણું શીખવશો ?

હા, ભાઈ ! ખુશીથી શીખવીશ

શ્રાવકના છોકરાએ દેવસીય અને રાઇય બ ને પડિક્કમણા શીખવાં જોઇએ, અને તે રોજ કરવા જોઇએ

પાઠ ૨૧ મો.

ઉપવાસ.

દેવચંદ—મોહન ! આજે મારે ઘેર જમવા આવીશ ?

મોહન—ના, ભાઇ ! આજે મારે ઉપવાસ છે.

દેવચંદ—આજે શા સારૂ ઉપવાસ કર્યો છે ?

મોહન—આજે મોટી ચોદશ છે

દેવચંદ મોહન ! શું મોટી ચોદશને દિવસે ઉપવાસ કરવો જોઇએ ?

મોહન—હા, દરેક શ્રાવકે પોતાથી બને તો આજે ઉપવાસ કરવો જોઇએ

દેવચંદ—ઉપવાસ કરવાથી શું થાય ?

મોહન—ઉપવાસ કરવાથી ખાવા, પીવાની ખટપટ મટી જાય, તેથી ધર્મ ધ્યાન વધારે થાય છે

દેવચંદ—શું ખાઇને ધર્મ ધ્યાન ન થાય ?

મોહન—ખાવાથી ઇંદ્રિયોને સુખ આપવાનું મન થાય છે, અને તેથી ઉંઘ અને આળસ વધે છે, અને આપણા પરિણામ સારા રહેતા નથી

દેવચંદ—ત્યારે હું પણ ઉપવાસ કરીશ.

મોહન—બહુ સારૂં, તો આપણે આજે ઉપવાસ કરી આખો દિવસ ધર્મની ચોપડીઓ વાચીશુ

પાઠ ૨૨ મો.

વિનય.

બાપા ! આજે જૈનશાળામા અમારા મેહેતાજીએ કહ્યું કે, જે છોકરાઓમા વિનય હશે, તેમને ઈનામ મળશે બાપા ! તો મારે વિનય જોઇએ છીએ, મને લાવી આપશો ? બેટા ! વિનય કાઇ ચીજ નથી, કે જે હુ લાવી આપુ. ત્યારે વિનય

શું હશે, બાપા ? વિનય એ ગુણ છે, અને તે પોતાની મેળેજ મેળવી શકાય છે બાપા ! ત્યારે મારામાં કેવી રીતે વિનય આવે ? ભાઈ તારે ગુરૂને પગે લાગવુ, માબાપ કહે તેમ કરવુ, તેમની મરજી ઉઠાવવી, જે આપણા મહેતાજી કે મોટેરા હોય તેમને માન આપવું, અને તેમની સાથે નમ્રતાથી વર્તવું, એમ કરવાથી તારામા વિનય જોઇને તારા મેહેતાજી તને ઈનામ આપશે. બાપા ! બહુ સારૂ હવેથી હુ એવી રીતે વર્ત્તીશ, અને વિનયી થઇશ

પાઠ ૨૩ મો.

વિનય વિષે કવિતા.

દોહરો.

વિનય કરો સૌ બાળકો,
વિનય ધર્મનુ મૂળ,
વિનય થકી વિદ્યા વધે,
વિનય દીપાવે કુળ ૧

વિનય વિના નહી ધર્મ ને,
વિનય વિના નહીં દાન,
વિનય વિના આ લોકમા,
કહેવાશો નાદાન ૨

વિનય વિના શોભા નહીં,
વિનય વિના નહીં લાજ,
વિનય વધારી સર્વમા,
સાધો સઘળા કાજ. ૩

પાઠ ૨૪ મો.

માબાપની સેવા.

ખીમચંદ—જીવા ! તું હમેશા રમવા કેમ આવતો નથી ?

જીવો—મને વખત મળતો નથી

ખીમચંદ—આખો દિવસ શુ કરે છે ?

જીવો—સવારે દાતણ કરી દેરે જાઉ છુ, ત્યાં ન્હાઇ પૂજા કરી પછી ઘેર આવી વાચવા બેસુ છુ

ખીમચંદ—પછી શુ કરે છે ?

જીવો—પછી જમીને જૈનશાળાએ ભણવા જાઉ છુ

ખીમચંદ—જૈનશાળામાથી આવીને શું કરે છે ?

જીવો—પછી કસરતશાળામા જાઉં છુ.

ખીમચંદ—પછી શુ કરે છે ?

જીવો—ઘેર આવીને મારા માબાપની સેવા કરૂ છુ.

ખીમચંદ—શી સેવા કરે છે ?

જીવો—મારા માબાપ ઘરડા છે, તેમના પગ ચાપુ છુ અને પથારી કરી આપુ છુ

ખીમચંદ—તે શિવાય બીજી શી સેવા કરે છે ?

જીવો—જે કામ તેઓ બતાવે, તે કરૂં છું, તેમને જોઇએ, તે લાવી આપું છું, તેમને પાણી પાઉં છું અને તેમની મરજી સાચવું છુ.

ખીમચંદ—તું માબાપની સેવા શા માટે કરે છે ?

જીવો—એવું શું પુછે છે ? માબાપે આપણા ઉપર ઘણા ઉપકાર કર્યા છે, તેમણે ઘણાં દુઃખ વેઠી આપણને ઉછેરીને મોટા કર્યા છે, તેમને એ ઉપકારનો બદલો આપણાથી કદિપણ વાળી અપાય એમ નથી.

ખીમચંદ--ખરી વાત છે. દરેક છોકરાએ માબાપની સેવા કરવી જોઇએ. હવેથી હું પણ માબાપની સેવા કરીશ. ભાઈ જીવા ! આજે તેં મને બહુ સારો બોધ આપ્યો. એને માટે હું તારો મોટો પાડ માનુ છું

પાઠ ૨૫ મો.

સંપ.

બાપા ! કાલે રસ્તામાથી મને એક કાગળનો કટકો જડયો હતો

તેમાં શુ હતું ?

બાપા ! તેમા સંપ રાખવો, એમ લખ્યું હતું.

તેમા તું કાઇ સમજ્યો ?

ના, બાપા ! હુ સમજ્યો નથી, બેટા ! એમા ઘણું સમજવાનુ છે

ત્યારે બાપા ! મને સમજાવશો ?

હા, સાભળ

દરેક માણસે સંપ રાખવો, એટલે સૌ સાથે હળીમળીને ચાલવુ એથી ઘણા ફાયદા થાય છે જેના ઘરમા ભાઇઓને, બહેનોને, અને સગાંઓને સંપ હોય, તે બધી રીતે સુખી થાય છે. તુ પણ ઘરમા અને નિશાળમા સૌની સાથે સંપ રાખજે.

બાપા ! આ કાગળનો કટકો મને બહુ ઉપયોગી થઈ પડયો. હવેથી હુ હમેશા બધા સાથે હળીમળીને ચાલીશ. ને સંપીને રહીશ

પાઠ ૨૬ મો.

ગુરૂ ભક્તિ.

ચંદુલાલ—અરે બાપુલાલ ! હમણા તું જૈનશાળામાં કેમ આવતો નથી ?

બાપુલાલ—આપણા માસ્તર મને ઘણો ઠપકો આપે છે, તેથી હુ શાળામા આવતો નથી.

ચંદુલાલ—તને ઠપકો શામાટે આપે છે ?

બાપુલાલ—આપણા માસ્તરનો એવો સ્વભાવ છે

ચંદુલાલ—તુ બરાબર પાઠ કરી લાવે છે ?

બાપુલાલ—પાઠ કરી લાવુ છું, પણ મને આવડતો નથી

ચંદુલાલ—તેમા માસ્તરનો શો વાક ?

બાપુલાલ—ત્યારે કોનો વાક ?

ચંદુલાલ—તારો વાક છે જ્યારે તને આવડે નહી, ત્યારે માસ્તર ઠપકો આપે છે

બાપુલાલ—એ તો ખરી વાત

ચંદુલાલ—માસ્તર આપણા ગુરૂ છે, માટે હવેથી તું એમ કોઇવાર એમનો વાક કાઢીશ નહી

બાપુલાલ—એ ગુરૂ શી રીતે કહેવાય ?

ચંદુલાલ—માસ્તર આપણને ઘણી વિદ્યા ભણાવે છે. જે એક અક્ષર ભણાવે, તે પણ ગુરૂ કહેવાય છે ને

બાપુલાલ—હાહા, એ વાત હવે હું સમજ્યો. પણ આપણા સાધુજી પણ ગુરૂ કહેવાય છે, તેનું કેમ ?

ચંદુલાલ—સાધુજી ધર્મગુરૂ કહેવાય છે, અને આપણા માસ્તર તે આપણા વિદ્યાગુરૂ કહેવાય છે. તે બન્ને ગુરૂની ભક્તિ કરવી, તેમનું કહ્યુ માનવું, અને તેમની ઉપર પ્રેમ રાખવો

બાપુલાલ—આજથી હું તે પ્રમાણે વર્ત્તિશ, મારો વાંક હતો, છતા માસ્તરનો વાક કાઢયો, એ મેં બહુ ખોટું કામ કર્યું હું એની માફી માગીશ.

પાઠ ૨૭ મો.

ગુરૂ ભક્તિ વિષે કવિતા.

દોહરા

ગુરૂ બેઠા ગુણવત આ,
સુખકર સયમ ધાર,
નિત આપે ઉપદેશ ને,
કરતા પર ઉપકાર ૧

જયવતા જિનરાજનું,
ધરતા નિત્યે ધ્યાન,
પાચ મહાવ્રતને ધરે,
નહિ રાખે અભિમાન ૨

વાદો એ મુનિરાજને,
સભારી ઉપકાર,
ગુણ ગાતા ગુરૂરાજના,
પામો ભવનો પાર. ૩

પાઠ ૨૮ મો.

ચોખ્ખાઇ.

મહેતાજી—કાનજી ! તુ બેઠો થા

કાનજી—સાહેબ ! શા માટે ?

મહેતાજી—તું ગંદો છોકરો છે, માટે વર્ગથી દૂર બેસ

કાનજી—સાહેબ ! મને માફ કરો, હું આળસથી ગંદો રહું છું હવે મારે શી શી ચોખ્ખાઇ રાખવી તે શીખવવા મહેરબાની કરશો ?

મહેતાજી—સાંભળ હમેશાં દાતણ બરાબર ઘસીને કરવુ, હમેશા ચોળીને નહાવું, લુગડા સાફ રાખવા, ગંદકીમા ફરવુ નહીં, જે ગંદા છોકરા હોય, તેમની સાથે રહેવું નહી. અને પોતાની ચીજો ચોખ્ખી રાખવી

કાનજી—મહેતાજી સાહેબ ! આજે મને માફ કરો. કાલથી હુ ચોખ્ખાઇ રાખીશ

મહેતાજી—છોકરાઓ ! જે કોઇ ચોખ્ખાઈ નહીં રાખે, તેને આ કાનજીની જેમ વર્ગની બાહેર કાઢી મુકવામા આવશે તેથી એને ઘણુ શરમાવુ પડશે.

પાઠ ૨૯ મો.

સારી સોબત.

મગન ! તુ કોની સોબતમા ફરે છે ?

હુ છગનની સોબતમા ફરૂ છું

એ કેવો છોકરો છે વારૂ ?

તે સારો છોકરો છે.

તું એને સારો શાથી કહે છે ?

એને નાટકનાં ગાયન બહુ આવડે છે.

એ ગાયન કરે છે, પાણીમાં તરવામા અને બીજી બધી રમતમાં હુશીયાર છે, વઢવાડમા કોઇનો લીધો જતો નથી, સૌને હરાવી દે એવો છે, કોઇ એને ગાળ દે તો સામી દશ ચોપડાવે, કહો એ કેવો ભડ ! હું પણ થોડો થોડો એના જેવો થયો છું.

માધવજી ! તું કોની સાથે ફરે છે ?

હું રમણિકની સાથે ફરૂં છું.

તે કેવો છોકરો છે ?

તે ઘણો સારો છોકરો છે.

એ સારો છે એમ શાથી કહે છે ?

તે હમેશાં વહેલો ઉઠે છે, દેરે પૂજા કરવા જાય છે, ઉપાશ્રયે સામાયિક કરે છે, જૈનશાળામા પહેલો નંબર રાખે છે, સારા અક્ષરો લખી શકે છે, ઘણી સારી ચોખ્ખાઇ રાખે છે, તેની સોબતથી હું પણ તેના જેવો થઇ ગયો છું.

આ હકીકત જાણી મગનને તેના બાપાએ છગનની ભાઈબંધી છોડાવી દીધી ને રમણિકની સોબત કરાવી, અને કહ્યુ કે, છગનના જેવા નઠારા છોકરાની સોબત કરી તેથી તું નઠારો થયો છું, માટે રમણિકના સંગમા રહી સુધરવુ જોઇએ

પાઠ ૩૦ મો

જૂઠ.

બેન તારૂં નામ શુ ?

મારૂં નામ ધની.

તું સારી દીકરી કે નઠારી ?

હું કેવી છોડી છું, તે મારાથી કેમ કહેવાય.કાકા !

તારામાં શો ગુણ છે ?

હુ કદિ પણ જૂઠુ બોલતી નથી.

બીજો શો ગુણ છે ?

કદી કોઇને ગાળો આપતી નથી

ત્રીજો કયો ગુણ છે ?

હુ કદિ પણ રીસાતી નથી.

ચોથો ?

હું કોઇની સાથે મારામારી કરતી નથી

પાચમો ?

હું વખત પ્રમાણે વર્તુ છું.

ધનીબા ! તું ખરેખરી ડાહી છે

તારામા બધા કરતા મોટામા મોટો ગુણ એક છે

ધની—ને કયો ગુણ વારૂ ?

જૂઠું ન બોલવુ એ

જૂઠું બોલનારા છોકરા નઠારાં થાય છે, અને જૂઠું બોલવાથી સારા ગુણ ઢંકાઈ જાય છે જુઠાને કોઈ ચાહતું નથી

પાઠ ૩૧ મો.

જૈન બાલ ધર્મ વિષે કવિતા.

ભુજંગી છંદ

દયા જીવની સર્વથા જેહ પાળે,
વદે સત્ય વાણી બધાં જૂઠ ટાળે,
ધરી ટેક ને ધર્મમા ધીર રે' છે;
ખરો જૈનના બાળનો ધર્મ તે છે. ૧

બધા માત ને તાતના બોલ પાળે,
ધરી નમ્રતા સર્વની સાથ ચાલે,
સુખે સ્વચ્છતામા સદા કાળ રે' છે,
ખરો જૈનના બાળનો ધર્મ તે છે ૨

ભણે ભાવથી ભક્તિ રાખી ગુરૂની,
કરે પ્રેમથી નિત્ય પૂજા પ્રભુની.
કરી સંપ સૌમા રસેથી રમે છે,
ખરો જૈનના બાળનો ધર્મ તે છે. ૩

કરી સંગ સારો ધરે રીત સારી,
ન ધારે કદિ ટેવ જે છે નઠારી,
નહીં રીસથી રોષ માંહે રહે છે,
ખરો જૈનના બાળનો ધર્મ તે છે ૪

પાઠ ૩૨ મો.

એકેંદ્રિયવાળા જીવ.

દેવજી—ચાલો આપણા ગામ બહાર ખાણ ખોદાય છે. તેમા માટી ઘણી છે, તો આપણે તે માટીમા રમીએ.

રામજી—ના ભાઈ ! માટીમાં રમતા પાપ લાગે.

દેવજી—માટીમાં શેનું પાપ લાગે ?

રામજી—માટીમાં જીવ હોય છે. તેથી પાપ લાગે.

દેવજી—માટીમાં તે વળી જીવ હોય ?

રામજી—માટી તે એકેંદ્રિય જીવ કહેવાય છે

દેવજી—માટીમાં જીવની કઈ ઇદ્રિય હોય ?

રામજી—માટીમાં શરીર ઇદ્રિય હોય છે.

દેવજી—એ તારી વાત ખરી છે, આપણે શ્રાવકે માટીથી ન રમવું જોઇએ અલ્યા રામજી ! બીજી કઇ ચીજ એકેદ્રિય છે ? તે કહે

રામજી—પાણી, આગ, પવન અને લીલા ઝાડપાલા એ બધા એકેંદ્રિય છે.

દેવજી--હા. હવે મને સમજણ પડી, તે બધામા એક શરીર શિવાય ઇદ્રિયો જોવામા આવતી નથી

પાઠ ૩૩ મો.

બે ઇંદ્રિયોવાળા જીવ.

માધુરી ચાલ, તને મારા વાડામા કાંઇક બતાવુ

તારા વાડામા શુ છે ?

મારા વાડામા એક નાનો સાપ છે.

તો ચાલો આપણે જોઇએ

પ્રેમી—આ સાપ નથી.

ત્યારે એ શું છે ?

એ તો અળશીયું છે.

પ્રેમી—તેને નાક, આખ અને કાન કેમ નથી ?

માધુરી—તે બે ઇંદ્રિય જીવ છે, તેથી તેને નાક, આંખ, અને કાન હોતાં નથી.

પ્રેમી—બે ઇદ્રિય જીવને કઇ કઈ ઇંદ્રિય હોય ?

માધુરી—તેને શરીર, અને જીભ એ બે ઇદ્રિયો હોય છે.

પ્રેમી—તેવા બીજા જીવ હશે કે નહીં ?

માધુરી—હા, તેવા બીજા પણ કેટલાક જીવ હોય છે.

પાઠ ૩૪ મો.

ત્રણ ઇંદ્રિયોવાળા જીવ.

દયાબેન ! આ હારબંધ શુ જાય છે ?

તે કીડીઓ જાય છે

કીડીઓ કેવા જીવ કહેવાય છે ?

તે ત્રણુ ઇદ્રિયોવાળા જીવ કહેવાય છે

એવા જીવોને કઈ કઈ ઇદ્રિયો હોય છે ?

નાનજી—તેમાં શુ પુછે છે ? તુ તારી જાતે જોઈ લે.

દયા—તે ઘણો ઝીણો જીવ છે, તેથી તેનામા ઇદ્રિયો જણાતી નથી.

નાનજી—આ કીડી ચાલી જાય છે, તે તું જુવે છે ?

દયા—હા ભાઈ.

નાનજી—ત્યારે તેને શરીર ઇંદ્રિય છે. કીડીઓ મીઠા પદાર્થ ઉપર એકઠી થાય છે, તેથી તેને જીભ હોય છે, અને જ્યા મીઠા પદાર્થ હોય, તેની વાસ આવવાથી તે ગમે ત્યાથી એકઠી થઈ જાય છે, તેથી તેને નાક હોય છે. એમ કહેવાય છે.

કેમ દયા ! હવે સમજી કે ?

દયા—હા, હવે હું બરાબર તેરિંદ્રિય જીવ વિષે સમજી.

પાઠ ૩૫ મો.

ચાર ઇંદ્રિયોવાળા જીવ.

મોહન--હમણા મે એક નવી જાતનો જીવ જોયો.

ઝવેર—તે જીવ કેવો હતા ?

મોહન—તે જીવને શરીર, જીભ, નાક, અને આખ છે. ફક્ત કાન નથી

ઝવેર--તેવા તો બીજા ઘણા જીવો છે.

મોહન—તેવા બીજા કયા જીવો છે ?

ઝવેર—અળશીયા અને કીડીને કાન કયા હોય છે ?

મોહન—તેને તો નાક અને કાન બને નથી આ જીવને તો શરીર, જીભ, નાક અને આખ છે, ફક્ત કાનજ નથી

ઝવેર—ભાઇ ! એવા જીવનુ નામ આપો

મોહન—તે જીવનુ નામ માખી છે

ઝવેર—હા, ખરી વાત, એ તો ઘેર ઘેર હોય છે.

મોહન--તે કેવા જીવ કહેવાય ?

ઝવેર—તે ચાર ઇંદ્રિયોવાળા જીવ કહેવાય છે. કારણ કે, તેને શરીર, જીભ, નાક અને આંખ, એ ચાર ઈંદ્રિયો હોય છે

પાઠ ૩૬ મો.

પાંચ ઇંદ્રિયોવાળા જીવ.

કેશવ—આ તારા હાથમા શુ છે ?

પ્રેમજી—મારા હાથમાં લાકડી છે

કેશવ—તું લાકડી કેમ રાખે છે ?

પ્રેમજી—પેલી ગાય આવે છે, તેને મારવાને.

કેશવ—શ્રાવક થઇને ગાયને મરાય ?

પ્રેમજી—તે ગાય મારકણી લાગે છે.

કેશવ—ના, એ ગાય મારકણી નથી, પણ ગરીબ છે.

પ્રેમજી—તને એની શી ખબર ?

કેશવ—તે મારી ગાય છે, અને હું તેનું દૂધ પીઉં છું.

પ્રેમજી—ત્યારે હું મારીશ નહીં.

કેશવ—ગાય એ મોટો જીવ છે, તે તું જાણે છે ?

પ્રેમજી—ના, તે મોટો જીવ કેમ ? તે સમજાવ.

કેશવ—ગાયમાં પાચે ઈંદ્રિયો હોય છે, તેથી તે મોટો જીવ કહેવાય છે.

પ્રેમજી--તેનામા કઇ પાચ ઈદ્રિયો છે, તે કહે.

કેશવ--શરીર, જીભ, નાક, કાન અને આંખ. એ પાચે ઈદ્રિયો ગાયમાં છે

પ્રેમજી--બીજા પાચ ઇદ્રિયવાળા કયા કયા જીવ છે ? તે કહે

કેશવ--ઢોર, પક્ષી, સાપ, વાંદરા, માછલાં અને માણુસો એ બધાં પાચ ઇંદ્રિયવાળા જીવ કહેવાય છે.

પ્રેમજી--ભાઇ કેશવ ! હવે હુ બરાબર સમજ્યો. અજથી કોઈ પણુ જીવને મારીશ નહીં.

પાઠ ૩૭ મો.

જીવના ભેદ વિષે કવિતા.

ચોપાઇ.

માટીમા છે ઇંદ્રિય એક,
બે ઇદ્રિય કરમીયાં પેટ,
તેરિદ્રિય તો કીડી ગણી,
ચારે ઇંદ્રિય માખી તણી ૧
પચેંદ્રિયમા ગાય ગણાય,
શ્રાવકથી કદી તે ન હણાય,
તે જાણીને શ્રાવક બાળ,
કરજો જીવ તણી સંભાળ ૨

સમાપ્ત.

[illegible]

જૈન વાંચનમાળા

૧ જૈન ધર્મ પ્રવેશપોથી ભાગ ૧ લો [illegible] — ૦—૧—૦
૨ [illegible] ભાગ ૨ જો [illegible] — ૦—૧—૦
૩ [illegible] — ૦—૨—૦
૪ [illegible] — ૦—૨—૦
૫ જૈન [illegible] — ૦—[illegible]—૦
૬ [illegible] — ૦—[illegible]—૦
૭ જૈન ધર્મ પ્રવેશપોથી ભાગ ૧–૨ નો [illegible] — ૦—૧—૦
૮ [illegible] ભાગ ૩ જો [illegible] — ૦—૧—૦
૯ [illegible] ૪ થો [illegible] — ૦—૧—૦
૧૦ જૈનશાળા ઉપયોગી [illegible] ભાગ ૧–૨ [illegible] — ૦—૧—૦
૧૧ જૈનશાળોપયોગી [illegible] — ૦—[illegible]—૦
૧૨ જૈનશાળોપયોગી [illegible] — ૦—[illegible]—૦
૧૩ જૈન ઇતિહાસ — ૦—[illegible]—૦
૧૪ જૈનશાળોપયોગી [illegible] — ૦—[illegible]—૦
૧૫ [illegible] — ૦—[illegible]—૦
૧૬ અમૃત [illegible] ભાગ [illegible] — ૦—[illegible]—૦

[illegible]

☞ જૈન ધર્મનાં તમામ પુસ્તકો મળવાનું મોટું સ્થાન

મેઘજી હીરજી ની કંપની જૈન બુકસેલર.

સભાપતીનાં
તથા
લક્ષ્મીપુત્રોનાં
ફેન્સી કાર્ડ
કંકોત્રીઓ
મળવાનું
મુખ્ય સ્થાન
મેઘજી હીરજી
ની
કંપની છે
એમ જન સમુદાય
નું કહેવું છે.

વાર્તાપુષ્પ
માં નહિ વાંચ્યું
વાંચશો નહિ અનુ-
ભવ્યું અનુભવશો
નહિ જોયલું જોશો.
રસીક અદ્ભુત વાર્તા-
ઓનું આ અમૂલ્ય
પુસ્તક જરૂર વાંચો-
કિંમત આઠ
આના.

કંપની જૈન બુકસેલર.

પાયધુની નં. ૫૬૬ મુંબઈ.